# -: ખિદમત અને ખિદમતગુઝાર :-

ખિદમત કરવું પસંદીદાહ અમલ છે અને નેક નિય્યતની ખિદમત હામિલે અજરો સવાબ છે. અલ્લાહતઆલાએ ઈમાનદારોને મુમેનીનની ખિદમત કરવા વાસ્તે કુરઆને હકીમમાં ઘણી મૌઝેઅમાં ઝિક્ર ફરમાવેલી છે. કિતાબુશ્શિહાબુન નબવી અને કિતાબુશ્શિહાબુલ અલવીમાં મુમિનપનાની તાઅરીફ અને તૌસીફના કલામમમાં મુમિનના દિલ, આઁખ, હાથ અને ઝબાનથી ખિદમત કરવાની રગબત બતાવવામાં આવેલી છે. એક મશ્હૂર હદીસે નબવીમાં વારિદ છે કે, **"જે ખિદમત કરશે એની ખિદમત થાશે."** આ ખિદમતના જઝબા અને જોશ પાછલ પુખ્તા ઈમાન, સહીહ અકીદો અને દાઈયુઝઝમાન સૈયદના અબુ હાતિમ તૈયબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની ઈતાઅત અને મોહબ્બત ફરામોશ ન થવી જોઈએ. એ ખિદમતનો જઝબો જ શું કે જે દિલમાં સાહબે દાઅવતની ઉલ્ફત વાબિસ્તા ન હોય. તે અફરાદ દાઈની મોહબ્બતને દરકનાર રાખીને ખિદમતની ચાદર ઓઢે એ મોટી ભૂલ કરી રહ્યા છે. સાહબે દાઅવતની નઝર જમાઅતના હર તબકાના લોગો પર અને હર શોઅબા-સીગામાં હોય છે, અને જો હકીકી ખિદમતગુઝાર સાહબે દાઅવતના નેક મશ્વરા, કીમતી સલાહ અને સમર આમદ તજરૂબાનો ફાયદો ઉઠાવે તો તેની ખિદમત પરવાન ચઢે એમાં કોઈ શક નથી. પણ જે લોગો જમાઅતના દાઈ અને રાઈને અંજુમનના ઝાહિર-બાતિનથી અને મન્સૂબાથી બેખબર રાખે અને બાઝ મખ્ફી વાતો પર શક-શુબેહની ચાદરથી ઢાકપીછોડો કરે તો તેઓ માઅસીયતના લુગામ બગૈરના દોડતા જંગલી ઘોડા પર સવાર થઈ જાય છે જેની કોઈ જ મંઝિલે મકસૂદ હોતી નથી. **ખિદમતગુઝાર અંજુમન કે કમીટીના ઓહદેદારો એ સમાજના તબકાના હોય જેની સાહબે દાઅવતને નઝદીક ઇઝ્ઝત, અઝમત અને કુરબત હોય તો અવામની નઝરમાં પણ તેઓ ઇઝ્ઝત પૈદા કરે છે.** લોગોના રૂજહાન અને ઈશારા ફૈઝ અને ખિદમત વાસ્તે તેઓની તરફ ઉઠે છે. અને અગર કારગુઝારો કે અંજુમનના કરતા-હરતા એવા હોય કે ખુદશાહી અને હુકમશાહીથી એનો નિઝામ ચલાવતા હોય અને ઘડી-બે-ઘડીમાં કૌલ અને અમલ તેમજ કુસૂર અને ખામીઓના ટોપલાઓ એકબીજાના માથા ઉપર ફેંકતા હોય તો તે અંજુમન ફલતી-ફૂલતી નથી, પણ ફક્ત તેના અમલી ખાકામાં અને રોઝમર્રાના હસ્બે માઅમૂલના કામકાજ તક જ મેહદૂદ રહે છે. ઓહદેદારોમાં Younger Generation ના Educated, તજરૂબેકાર અને જે Business Administration તેમજ Trust ની System જાણતા હોય અને જેને પાસે Future ના કોઈ Concrete Planning (ઠોસ મન્સૂબા) રાખનારા હોવા જોઈએ. એવા લોગો જેના નાક પરથી માખી ઉડાવવાની આન-બાન-શાન ન હોય અને પોતાનું નામ લખવા સિવાય સંસ્થાને આગલ લાવવા વાસ્તે Constructive Thinking અને Sound Opinion ન હોય એવા ઓહદેદારોએ જગા ખાલી કરી દેવી જોઈએ, જેથી આવનારી નસલ વાસ્તે ઉમદા કામગીરી બજાવી શકાય. આકિલને ઈશારે કાફી છે...... ★